eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 135
March 24, 2008

## લિંબાયત ઝોનની આરોગ્યલક્ષી કામગીરી

આજરોજ સાઉથ ઈસ્ટ (લિંબાયત) નાં ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) ની સૂચનાથી નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.કે.નિગમ, તથા મુખ્ય આરોગ્ય નિરીક્ષક શ્રી એ.એમ.પટેલ, શ્રી આર.આર.કલ્યાણી તથા એમની ટીમે લિંબાયત ઝોનમાં ગેર કાયદેસર મટનનો ધંધો કરતાં ઈસમોને સંજયનગર બીજી નહેર તથા મહાપ્રભુનગરમાંથી ઝડપી પાડી ૭૦ કિલો મટન ઝડપી તેનો નાશ કર્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા) ગેરકાયદેસર–દબાણ હટાવવાની કામગીરી

સુરત મહાનગરપાલિકા પૂર્વઝોન (વરાછા) માં નવા સમાવિષ્ટ પુણામાં યોગીચોક વિસ્તારમાં આવેલ બાપા સીતારામનગર સોસાયટીના સી.ઓ.પી.માં ઈસમો ધ્વારા બાંધકામ શરૂ કરવામાં આવતાં તેને સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ તરફથી રોકવામાં આવેલ હતુ, તેમ છતાં તેની અવગણના કરતાં તે બાંધકામો આજરોજ તોડી પાડવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર)ની કામગરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન રાંદેર ઝોનના તાડવાડી વિસ્તારમાં આવેલ "લવ એન્ડ કેર" હોસ્પિટલ નજીક અભિષેક સોસાયટી પાસે જાહેર ટી.પી.રસ્તા ઉપર રાત્રીના ૧૧:૦૦ કલાકે પરવાનગી વિના રાતોરાત ખોદાણ કરી પીવાના પાણીની લાઈનનું ગેરકાયદેસર રીતે ૧" (એક ઈંચ) નું નળ જોડાણ કરતા હોવાની ટેલીફોનીક ફરીયાદ મળેલી.

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર) ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૧૧ (અડાજણ) ફાયનલ થયેલ છે. તથા રાંદેર–અડાજણનો ખુબ જ સુવિકસિત વિસ્તાર છે. આ વિસ્તારમાં આવેલ ઋષભ ચાર રસ્તાના જંકશન પાસેથી સૂર્યપુર સોસાયટીની ફા.પ્લોટ નં.૬૧ પૈકી વાળી મિલ્કતમાં બાંધકામના પ્લાન ટીડીઓ નં.૨૮૩/૨૦૦૦, તા.૨૧/૨/૨૦૦૦ થી સુરત મહાનગરપાલિકામાં ગ્રાઉન્ડ ફોર ઉપર દુકાનો તથા બેંક હોલ તથા હાયર ગ્રાઉન્ડ ફલોર ઉપર ઓફીસો અને પ્રથમ માળે રહેણાંકના હેતુસરના બાંધકામ પ્લાન મંજુર થયેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા પાણીની અસરકારક ગુણવત્તા માટે કરેલ કામગીરી

શહેર પાણી પુરવઠા અંતગર્ત સુરત મહાનગરપાલિકા ધ્વારા તાપી નદીના સરફેશ વોટરને જળશુધ્ધિકરણ મથકો મારફત જરૂરી શુધ્ધિકરણ કરી, શહેરમાં વિવિધ સ્થળોએ સ્થાપિત જળ વિતરણ મથકો ધ્વારા શહેરીજનોને પાણીનો પુરવઠો પુરો પાડામાં આવે છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## મા. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદ્‌હસ્તે તા.૨૩–૦૩–૨૦૦૮, નાં રોજ નાના વરાછા ફલાય ઓવર બ્રિજ,ઉમરા ખાતે સફાઈ કામદાર આવાસો,સીંગણપોર ખાતે સુએઝ ગેસ આધારિત પાવર પ્લાન્ટ,ડો.શ્યામાપ્રસાદ મુખર્જી લેક ગાર્ડનની લોકાર્પણવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા સાકારિત કરવામાં આવેલ નાના વરાછા ફલાય ઓવર બ્રિજની લોકાર્પણવિધિ, ઉમરા ખાતે સફાઈ કામદાર આવાસોની ઉદ્‌ઘાટનવિધિ, સીંગણપોર ખાતે સુએઝ ગેસ આધારિત પાવર પ્લાન્ટની ઉદ્‌ઘાટનવિધિ અને ડો.શ્યામાપ્રસાદ મુખર્જી લેક ગાર્ડનની લોકાર્પણવિધિ મા. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદ્‌હસ્તે આજરોજ તા.૨૩–૦૩–૨૦૦૮, રવિવારનાં રોજ સંપન્ન થયેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત ઝોનની આરોગ્યલક્ષી કામગીરી

આજરોજ સાઉથ ઈસ્ટ (લિંબાયત) નાં ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) ની સૂચનાથી નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.કે.નિગમ, તથા મુખ્ય આરોગ્ય નિરીક્ષક શ્રી એ.એમ.પટેલ, શ્રી આર.આર.કલ્યાણી તથા એમની ટીમે લિંબાયત ઝોનમાં ગેર કાયદેસર મટનનો ધંધો કરતાં ઈસમોને સંજયનગર બીજી નહેર તથા મહાપ્રભુનગરમાંથી ઝડપી પાડી ૭૦ કિલો મટન ઝડપી તેનો નાશ કર્યો હતો તેમજ વજન કાંટાઓ તથા અન્ય સરસામાન પણ કબ્જે લેવામાં આવ્યો, એની સાથે આ રીતે આંજણા અનવરનગર ખાતે આવેલ જય આનંદ ઈન્ડ.એસ્ટેટના દૂચા અને વેસ્ટનાં વેપારીઓને ગંદકી કરતાં ઝડપી પાડી તેઓ પાસેથી રૂા.૬૨૫૦/– વહીવટી ચાર્જની વસુલાત કરી તથા ૪૦ ઈસમોને નોટીસ આપી અને ૨૮ ઈસમો સામે કોર્ટની કાર્યવાહી કરી. તેમજ અનવરનગર પ્રા.શાળાના રસ્તાઓ ઉપર શાકભાજી–ફ્રુટના ફેરિયાઓની લારીમાંથી ૧૨૦ કિલો સડેલી કેરી, ફ્રુટ અન્ય શાકભાજીનો નાશ કર્યો.

TOP

## પૂર્વઝોન (વરાછા) ગેરકાયદેસર–દબાણ હટાવવાની કામગીરી

**નવા સમાવિષ્ટ પુણા વિસ્તારની બાપા સીતારામનગર સોસા.ની સી.ઓ.પી.નું ગે.કા.બાંધકામ દુર કરવા બાબત.**

સુરત મહાનગરપાલિકા પૂર્વઝોન (વરાછા) માં નવા સમાવિષ્ટ પુણામાં યોગીચોક વિસ્તારમાં આવેલ બાપા સીતારામનગર સોસાયટીના સી.ઓ.પી.માં ઈસમો ધ્વારા બાંધકામ શરૂ કરવામાં આવતાં તેને સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ તરફથી રોકવામાં આવેલ હતુ, તેમ છતાં તેની અવગણના કરતાં તે બાંધકામો આજરોજ તોડી પાડવામાં આવેલ છે.

મોજે પુણા બ્લોક નં.૩૧૩ અને ૩૨૨ માં આવેલ બાપા સીતારામ સોસાયટીના ગાળા નં.૨૦૮, ૨૧૦ અને ૨૩૧ પૈકી સી.ઓ.પી.આવતુ અંદાજે ૨૫૦ ચો.ફુટ પ્લીંથનું ચણતર તેમજ આર.સી.સી.બીમનું બાંધકામ તોડી પાડવામાં આવેલ છે, જયારે ગાળા નં.૨૨૩ અને ૨૨૪ ના અંદાજે ૯૦૦ ચો.ફુટમાં પાયામાંથી શરૂ કરેલ ગ્રા.લેવલ સુધીના ૨૩ કોલમો દુર કરવામાં આવેલ

**નાના વરાછા તેમજ સંતોષીનગર રોડ પર આયોજિત દબાણ અભિયાન દબાણ અભિયાન બાબત.**

ટી.પી.સ્કીમ નં.૩૮ (નાના વરાછા) માં આવેલ મોતીનગર પાસેનજા ૩૦.૦ મી.ના કેનાલ રોડ પર શાકભાજીની લારી તથા પાથરણાવાળાઓનું પુષ્કળ દબાણ રહે છે, જે અન્વયે તા.૧૩/૩/૨૦૦૮ ના રોજ ઉકત જગ્યાએથી કુલ–૩૧ લારીઓ જપ્ત કરવામાં આવેલ તેમજ પાથરણાવાળાઓને સ્થળ પરથી હટાવી રસ્તા પરથી દબાણ દુર કરવામાં આવેલ છે, તેમજ કરંજ વિસ્તારમાં આવેલ ૧૫૦'.૦'' પહોળાઈનાં સંતોષીનગર રોડ પર હંમેશા વ્યાપક પ્રમાણમાં દબાણ રહેતું હોઈ, વરાછા ઝોન તેમજ અઠવા ઝોનનાં દબાણ સ્ટાફ તેમજ સીકયુરીટી સ્ટાફની મદદથી દબાણ દુર કરવામાં આવેલ છે, જેમાં કુલ–૨૭ લારીઓ, ૧– એસ.ટી.ડી.કેબીન, ૧– કેબીન તેમજ ૧– રસ મશીન જપ્ત કરવામાં આવેલ છે. સાથો–સાથ વરાછા મેઈન રોડ તેમજ વીર ભગતસિંહ રોડ પર આવેલ શાક માર્કેટનું દબાણ પણ દુર કરવામાં આવેલ છે, જેમાં પણ ૭– લારીઓ અને ૨૨–પાથરણાઓ જમા લેવામાં આવેલ છે.

TOP

## –:: પશ્ચિમ ઝોન (રાંદેર)ની કામગરી ::–

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન રાંદેર ઝોનના તાડવાડી વિસ્તારમાં આવેલ ''લવ એન્ડ કેર'' હોસ્પિટલ નજીક અભિષેક સોસાયટી પાસે જાહેર ટી.પી.રસ્તા ઉપર રાત્રીના ૧૧:૦૦ કલાકે પરવાનગી વિના રાતોરાત ખોદાણ કરી પીવાના પાણીની લાઈનનું ગેરકાયદેસર રીતે ૧'' (એક ઈંચ) નું નળ જોડાણ કરતા હોવાની ટેલીફોનીક ફરીયાદ મળેલી. જેના અનુસંધાને પશ્ચિમ ઝોન ધ્વારા મોડી રાત્રે જ સ્થળ તપાસ કરાવવામાં આવેલ અને ગેરકાયદેસર નળ જોડાણ રંગે હાથ ઝડપી પાડેલ.

ઝોનના પાણી ખાતાના સ્ટાફ ધ્વારા સ્થળ ચકાસણી કરાતા, આ ગેરકાયદેસર જોડાણ અભિષેક સોસાયટીનાં પ્લોટ નં.૧૦ વાળી મિલ્કતના મિલ્કતો ધ્વારા ઝોનની પરવાનગી લીધા વિના લીધાનું જાણમાં આવેલ. જેથી તાત્કાલિક જ સ્થળ ઉપરથી પાણીના જોડાણનો માલસામાન જપ્ત કરવામાં આવેલ છે અને મિલ્કતદાર જંયતિભાઈ રવજીભાઈ પાનસુરીયા સામે ધી પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટ હેઠળ પોલીસ કાર્યવાહી શરૂ કરાતાં, મિલ્કતદારે તુરંત જ પોલીસ કાર્યવાહીમાંથી બચી દંડ ભરવાની તૈયાર બતાવતા, તુરંત રૂા.૧૧,૫૦૦/– નો શિક્ષાત્મક દંડ વસુલ લેવામાં આવેલ છે. આ ગેરકાયદેસર નળ જોડાણ લાયસન્સ પ્લમ્બર ધ્વારા થયેલ છે કે કેમ ? જેની તપાસ કરાતાં જે જોડાણ ખાનગી મજુરો ધ્વારા થયાનું જાણમાં આવેલ.

આ કામગીરી ઝોનલ ચીફશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અન્વયે ઝોનના પાણી ખાતા ધ્વારા પૂર્ણ કરવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) માં અડાજણ પ્રાઈમ આર્કેડ અને ગોલ્ડનપાર્ક વિસ્તાર નજીક આવેલ ૮૦ ફુટના આનંદમહલ રોડ ઉપર કોર્મશીયલ બાંધકામોના રોડ માર્જીનમાં દબાણ દુર કરવાની કામગીરી મોડી સાંજથી રાત્રી સુધી કરવામાં આવેલ.

જે મુજબ પ્રાઈમ આર્કેડ કોમ્પલેક્ષ બાજુમાં અને સહજ સુપર સ્ટોર્સની સામે કોર્પોરેશનના અનામત પ્લોટની બાજુમાં જંકશન ઉપરના મુખ્ય માર્ગમાં અને જંકશન નજીક આવેલ ગોલ્ડનપાર્ક કોર્મશીયલ કોમ્પલેક્ષના રોડ માર્જીનમાં ખાણીપીણીની લારીઓ જેવી કે ચાઈનીઝની લારીઓ, મદ્રાસી વાનગીની લારીઓ તથા નોનવેજની લારીઓ, કાઉન્ટરો, ટેબલ–ખુરશીઓ વિગેરેનું દબાણ દુર કરવામાં આવેલ. આ મુખ્ય માર્ગ ઉપર મોડી સાંજથી રાત્રી સુધી ખાણીપીણીની લારીઓનું કાયમી દબાણ રહેતુ હોવાથી, અગાઉ પણ આ સ્થળેથી લારીઓ દુર કરવામાં આવેલ. આ રીતે આ જાહેર મુખ્ય માર્ગ ઉપરથી આશરે ૨૬ નંગ લારી–ગલ્લા–કેબીનો–કાઉન્ટરો દુર કરવામાં આવેલા છે. આ રીતે પશ્ચિમ ઝોન કચેરી ધ્વારા કોર્મશીયલ વિસ્તારોમાં અને ભારે ટ્રાફીકની અવરજવરવાળા મુખ્ય માર્ગો ઉપર દબાણો દુર કરવાનું ચાલુ રખાશે.

ઉપરોકત કામગીરી માન.કમિશ્નરશ્રીની સુચનાથી અને ઝોનલ ચીફશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન  હેઠળ પશ્ચિમ ઝોનના શહેર વિકાસ / દબાણ વ્ભિાગના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP

## પશ્ચિમ ઝોન (રાંદેર) ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૧૧ (અડાજણ) ફાયનલ થયેલ છે. તથા રાંદેર–અડાજણનો ખુબ જ સુવિકસિત વિસ્તાર છે. આ વિસ્તારમાં આવેલ ૠષભ ચાર રસ્તાના જંકશન પાસેથી સૂર્યપુર સોસાયટીની ફા.પ્લોટ નં.૬૧ પૈકી વાળી મિલ્કતમાં બાંધકામના પ્લાન ટીડીઓ નં.૨૮૩/૨૦૦૦, તા.૨૧/૨/૨૦૦૦ થી સુરત મહાનગરપાલિકામાં ગ્રાઉન્ડ ફોર ઉપર દુકાનો તથા બેંક હોલ તથા હાયર ગ્રાઉન્ડ ફલોર ઉપર ઓફીસો અને પ્રથમ માળે રહેણાંકના હેતુસરના બાંધકામ પ્લાન મંજુર થયેલ. હાલમાં મિલ્કતદારો ધ્વારા સદરહું મિલ્કતમાં વસવાટની પરવાનગી મેળવ્યા વગર ગ્રાઉન્ડ ફલોર તથા હાયર ગ્રાઉન્ડ ફલોર ઉપર " નેકસ્ટ(ઈલેકટ્રોનિકસ રીટેઈલ ચેઈન) " નો શો રૂમ તથા પ્રથમ માળે રહેણાંક વાળા ભાગમાં " મેઘા સેન્ટર (ધી ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એકાઉન્ટસ) " નો કોર્મશીયલ અનઅધિકૃત વપરાશ ચાલુ કરવામાં આવેલ છે. જેથી આજુબાજુની સોસાયટીના રહીશોને ખુબ જ કનડગત ઉભી થયેલ. તેમજ જાહેર રસ્તા/સોસાયટીના રસ્તા ઉપર વાહન પાર્કીંગ પણ આ શો રૂમમાં આવતા ગ્રાહકો કરતા હતાં. જે પણ સોસાયટીને/ટ્રાફીકને અડચણરૂપ હતું. આથી, ધી મુંબઈ પ્રોવીન્સીયલ મ્યુ.કોર્પોરેશન એકટ–૧૯૪૯ ની કલમ–૨૬૮ હેઠળ નોટીસ આપી સદર મિલ્કતનો થતો અનઅધિકૃત વપરાશ બંધ કરવાની જરૂર ઉભી થયેલ.

જે સબબ, તા.૧૫/૩/૨૦૦૮ ના રોજ ઉપરોકત મિલ્કતોને ' સીલ' મારવામાં આવેલ છે અને વપરાશકર્તાઓને સદરહુ મિલ્કતમાંથી દુર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઝોનલ ચીફશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્ચિમ ઝોનના શહેર વિકાસ / દબાણ વિભાગના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા પાણીની અસરકારક ગુણવત્તા માટે કરેલ કામગીરી

શહેર પાણી પુરવઠા અંતગર્ત સુરત મહાનગરપાલિકા ધ્વારા તાપી નદીના સરફેશ વોટરને જળશુધ્ધિકરણ મથકો મારફત જરૂરી શુધ્ધિકરણ કરી, શહેરમાં વિવિધ સ્થળોએ સ્થાપિત જળ વિતરણ મથકો ધ્વારા શહેરીજનોને પાણીનો પુરવઠો પુરો પાડામાં આવે છે. શહેરીજનોને શુધ્ધ અને નિયત ગુણવત્તાવાળુ પાણી મળી રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા ધ્વારા જળશુધ્ધિકરણ પ્રક્રિયા પહેલાં, જળ શુધ્ધિકરણ પ્રક્રિયા દરમ્યાન તથા શહેરીજનોને ઘર સુધી પહોંચાડવા સુધીમાં, વિવિધ તબકકે પાણીની ગુણવત્તાનું મોનીટરીંગ કરવામાં આવે છે. આ કામગીરી અન્વયે હાલમાં તમામ વોટર વર્કસ ખાતે પાણીના ટેસ્ટીંગ માટેના અદ્યતન સાધનો, ઉપકરણો સહીતની લેબોરેટરી વિકાસવવામાં આવેલ છે. વોટર વર્કસ ખાતેની આ લેબોરેટરીઓમાં જળ શુધ્ધિકરણની પ્રક્રિયા દરમ્યાન લેવાજોગ તમામ પ્રકારની કાળજીઓ તથા જરૂરી ટેસ્ટીંગ નકકી કરવામાં આવેલ અવધી મુજબ કરવામાં આવે છે.

TOP

## મા. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદ્હસ્તે તા.૨૩–૦૩–૨૦૦૮, નાં રોજ નાના વરાછા ફલાય ઓવર બ્રિજ,ઉમરા ખાતે સફાઈ કામદાર આવાસો,સીંગણપોર ખાતે સુએઝ ગેસ આધારિત પાવર પ્લાન્ટ,ડો.શ્યામાપ્રસાદ મુખર્જી લેક ગાર્ડનની લોકાર્પણવિધિ





સુરત મહાનગરપાલિકા ધ્વારા સાકારિત કરવામાં આવેલ નાના વરાછા ફલાય ઓવર બ્રિજની લોકાર્પણવિધિ, ઉમરા ખાતે સફાઈ કામદાર આવાસોની ઉદ્દ્ઘાટનવિધિ, સીંગણપોર ખાતે સુએઝ ગેસ આધારિત પાવર પ્લાન્ટની ઉદ્દ્ઘાટનવિધિ અને ડો.શ્યામાપ્રસાદ મુખર્જી લેક ગાર્ડનની લોકાર્પણવિધિ મા. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદ્હસ્તે આજરોજ તા.૨૩–૦૩–૨૦૦૮, રવિવારનાં રોજ સંપન્ન થયેલ.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતાં મ્યુ. કમિશનર કુ.એસ.અપર્ણા એ જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાના વહીવટીતંત્ર તથા પદાધિકારીઓના સુમેળભર્યા સંકલનથી વિવિધ પ્રકલ્પોના નિર્માણના કારણે સુરત શહેર વિકાસની હરણફાળ ભરી રહયું છે. આ કાર્યમાં સરકારશ્રીનો પણ મહત્તમ ફાળો રહેલો છે. શહેરમાં ફલાય ઓવર બ્રિજની સાંકળના કારણે ટ્રાફીક સમસ્યા મહદઅંશે હળવી બની છે. નાના વરાછા ખાતે સુરત શહેરનો પ્રથમ ત્રણ લેન અપ તથા ત્રણ લેન ડાઉન મળી કુલ છ લેન પહોળાઈ ધરાવતા ૪૬૩ મીટર લંબાઈના ફલાય ઓવર બ્રિજનું બાંધકામ અંદાજે રૂા.૮૯૦ લાખના ખર્ચે ૧૫ માસના સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવેલ છે.

શહેરી ગરીબો માટે અંદાજે ૪૨૦૦૦ હજાર આવાસોનુ નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવેલ છે. સફાઈ કામદારો જેવા નાના કર્મચારીઓને પોતાના ઘરની સવલત મળી શકે તે માટે ઉમરા ખાતે ૨૦૪ આવાસો અંદાજે ૪૮૬ લાખના ખર્ચે નિર્માણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત અન્ય ઝોનોમાં પણ કામદાર આવાસ યોજના હેઠળ આવાસોનુ નિર્માણ પૂર્ણતાના આરે છે.




સિંગણપોર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે ૧ મેગા વોટ ક્ષમતાના સુએઝ ગેસ આધારિત પાવર પ્લાન્ટની રચના કરવામાં આવી છે. જેના થકી અંદાજે રૂા.૩.૫ કરોડનો આર્થિક લાભ ઉર્જા બચતથી મેળવી શકાશે. આ પ્રકલ્પને કારણે વાતાવરણમાં વિપરીત અસર કરતી ગ્રીન હાઉસ ઈફેકટમાં ઘટાડો થશે. કરંજ અને ભટાર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે ૧ મેગા વોટ ક્ષમતાના સુએઝ ગેસ આધારિત પાવર પ્લાન્ટ પ્રસ્થાપિત કરવાનુ કામ કાર્યરત છે.

કતારગામ કાંસાનગર તળાવ ખાતે સાકારિત થયેલ ડો. શ્યામાપ્રસાદ મુખર્જી લેક ગાર્ડનમા અંદાજીત રૂા.૭૫ લાખના ખર્ચે વિવિધ સિવીલ કામગીરી જેવી કે તળાવ ફરતે કમ્પાઉન્ડ વોલ, ઓફીસ બિલ્ડીંગ, ટોયલેટ બ્લોક, બેસવા માટે સીટીંગ પ્લેટફોર્મ, વોક વે જેવી અન્ય કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. સંપૂર્ણ પ્રોજેકટ અંદાજે રૂા.૨૭૦ લાખના ખર્ચે પૂર્ણ થયેલ છે. બાગનું ક્ષેત્રફળ ૪૪૭૦૦ ચો.મીટર છે. જયારે ૪૨૦૦ ચો.મી. નો વિશાળ પાર્કીંગ એરીયા રાખવામાં આવેલ છે. આ બાગને કારણે પર્યાવરણની જાળવણી તથા જાહેર જનતાના આનંદ પ્રમોદ તથા હરવા ફરવાની સગવડો પૈકી સારા ઉધ્ધાનનો ઉમેરો થશે. હાલમાં સુરત મહાનગરપાલિકા ના આયોજન હેઠળ રૂા. ૧૦૦૦ કરોડના કામો પ્રગતિ હેઠળ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે દરેક કામમાં સંપૂર્ણ નિષ્ઠા જરુરી છે.

મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી દ્વારા મા. મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીનું સ્વાગત કરવામાં આવેલ તથા મોઘેરા મહેમાન મા. મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, મા.મંત્રીશ્રી નિતિનભાઈ પટેલ, મા. મંત્રીશ્રી મંગુભાઈ પટેલ

નું પ્રસંગોચિત સ્વાગત કરવામાં આવેલ. શહેરની જાણીતી સંસ્થાઓ ધ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, સુરત સીટીઝન કાઉન્સીલ, ભારતીય જનતા પાર્ટી સુરત શહેર, સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ, સમસ્ત પાટીદાર સમાજ ટ્રસ્ટ, સર્જન યુથ કલબ, ગુજરાત મ્યુનિ. મહાસંઘ, શ્રી આદીનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ, કતારગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શેડ હોલ્ડર્સ એસો. શ્રી જૈન શ્વે.મૂ.પૂ.યુવક મહાસંઘ,સુરત ધ્વારા મા. મુખ્ય મંત્રીશ્રીનું સ્વાગત કરવામાં આવેલ. ત્યાર બાદ ગુજરાત રાજય સફાઈ કામદાર વિકાસ નિગમ ધ્વારા રૂા. ૩.૩૯ કરોડનો ચેક મા. મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે સુરત મહાનગરપાલિકાના મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણી ને અર્પણ કરવામાં આવેલ. મા. મુખ્ય મંત્રીશ્રીના વરદહસ્તે ઉમરા, લિંબાયત તેમજ રાંદેર સફાઈ કામદાર આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસની ચાવી અર્પણ કરવામાં આવેલ.

શહેરના પ્રથમ નાગરિક મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીએ પોતાના વ્યકતત્વમાં જણાવ્યું હતું કે સુરત શહેર જયારે વિકાસની કેડી પર ડગ ભરતુ હતુ ત્યારે વહીવટી તંત્ર તથા પદાધિકારીઓના સંકલનથી સુરત શહેરે વિકાસમાં હરળફાળ ભરી છે. સુરત શહેરને હંમેશા ગુજરાત સરકારશ્રીનુ પીઠબળ મળી રહયુ છે. કોઈ પણ શહેરની વિકાસગાથા પાછળ જેટલો ફાળો સરકારશ્રીનો તથા સ્થાનિક તંત્રનો હોય છે તેટલો જ મહત્વનો ફાળો તમામ શહેરીજનોનો પણ છે. વિકાસના કામોનું આયોજન તથા સુવિધાનો લાભ શહેરીજનો મેળવે છે તથા આ તમામ સુવિધાઓ પોતાની ગણી તેની જાળવણી પણ કરે તે યથાયોગ્ય છે.

શહેરના ફલાયઓવર બ્રિજો શહેરની આગવી ઓળખ બની ગઈ છે. ટ્રાફિક સમસ્યાના સરળીકરણ માટે આ ખુબ જ જરૂરી છે. આજ રોજ નાના વરાછા ખાતેના ફલાયઓવર બ્રિજનું લોકાર્પણ થતા શહેરમાંથી નેશનલ હાઈવે તરફ પહોંચવુ હવે સુગમ અને સરળ બનશે તથા કાપોદ્રા જંકશન ખાતે બની રહેલ ફલાય ઓવર બ્રિજ સંપન્ન થતા સમયની પણ વધુ બચત થશે.

વધુમાં શહેરની લાંબા સમયની જરૂરીયાતને લોકભાગીદારીથી પૂર્ણ કરવા અમારા શાસન થકી શહેરને સીટી બસ સેવા આ વર્ષે ઉપલબ્ધ કરાવી છે. જેના થકી પ્રતિ દિન અંદાજે ૪૫૦૦૦ થી વધુ શહેરીજનો આ સેવાનો લાભ લઈ રહયા છે જે આપણા સર્વ માટે આનંદ અને ગૌરવની બાબત છે.





શહેરી ગરીબો માટે અંદાજે ૪૨૦૦૦ હજાર આવાસોનુ નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવેલ છે. જેથી તેઓને સુંદર નિવાસસ્થાન મળે અને તેમનુ જીવનધોરણ ઉંચુ લાવવાની દિશામાં અમલ કરી આવાસોનું નિર્માણ કાર્ય પુર ઝડપે ચાલુ કરેલ છે. સાથોસાથ જે સફાઈ કામદારો થકી સુરત શહેરે સ્વચ્છ, સુંદર, રોગમુકત શહેરનું બીરૂદ મેળવ્યુ છે તેવા કર્મઠ સફાઈ કામદારોની નિષ્ઠા વધે તેમજ તેમની સેવાની કદરરૂપે તથા તેમના જીવનધોરણને ઉંચુ લાવવા માટે સરકારશ્રીની આર્થિક સહાય તેમજ માર્ગદર્શન મુજબ અમારા શાસને તેમનુ અનમોલ સ્વપ્ન ''ઘર નુ ઘર'' મળે તે માટે ડો. આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના હેઠળ નજીવી કિંમતમાં તેઓને સુવ્યવસ્થિત ઘરની સગવડ ઉપલબ્ધ કરાવેલ છે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા સિંગણપોર સહિત કુલ ૩ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે સુએઝ ગેસ આધારિત વિજ પ્લાન્ટના આયોજન ધ્વારા ડ્રેનેજ ટ્રીટમેન્ટ બાદ છુટો પડતો ગેસ વાતાવરણમાં પ્રદુષણ ન ફેલાવે પરંતુ તેના ધ્વારા વિજળી ઉત્પાદન કરી પ્રદુષણ નિવારવાની સાથે ઉર્જા બચતથી વાર્ષિક અંદાજે રૂા.પ કરોડથી વધુ નો આર્થિક લાભ મેળવવાની દિશામાં નકકર કદમ માંડેલ છે.





સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં શહેરીજનોના આનંદ પ્રમોદ માટે વિવિધ બાગ–બગીચાઓનું નિર્માણ કરવામાં આવ્યુ છે. શહેરની પ્રજા પૂર્વ છેડે આવેલ સરથાણા ખાતે ઝુ, મહારાણા પ્રતાપ ઉદ્યાનનો લાભ લઈ રહી છે. જયારે ઉત્તરમાં આજ રોજ લોકાર્પીત થયેલ કતારગામ કાંસાનગર તળાવને આવરી લઈ વિશાળ ઉદ્યાનની

રચના થઈ છે જેથી કતારગામ તેમજ તેની આજુબાજુના વિસ્તારના શહેરીજનોને આનંદ પ્રમોદ અને હરવા–ફરવાનું શ્રેષ્ઠ સ્થળ મળશે. ભવિષ્યમાં શહેરના દક્ષિણ વિસ્તારમાં એટલે કે ભેસ્તાન ખાતે નવીન ફલોરીન ગાર્ડન તથા પશ્ચિમમાં રાંદેર ઉગત તળાવ ખાતે બોટોનીકલ ગાર્ડનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આમ સુરત શહેરનો ચોમેર વિકાસ થાય તેવો પ્રયત્ન કરવામાં આવેલ છે.

મોઘેરા મહેમાન મા.મંત્રીશ્રી પાણી પુરવઠા,જળ સંપત્તિ (કલ્પસર પ્રભાગ સિવાય) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ શ્રી નિતિનભાઈ પટેલે પોતાના પ્રવચનમાં આજરોજ ચાર વિવિધ લોક ઉપયોગી સમાજ ઉપયોગી પ્રકલ્પોની લોકાર્પણ વિધિ સંપન્ન થયેલ છે. જે દર્શાવે છે કે સુરત શહેરમાં વિકાસના અનેક કામો થયા છે. સુરત શહેર આર્થિક પાટનગર ગણાય છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતના વિકાસની સાથે તેના સારા ફળ સુરત શહેરને પણ મળેલ છે. તમામ વિસ્તારમાં વિકાસ અને સર્વાંગી વિકાસનું આયોજનમાં કુનેહ તથા દીઘદ્રષ્ટિ જણાય છે. આયોજન થયેલા કામ પૂર્ણ થતાં તેનો લાભ સર્વને મળે છે. શહેરના વસ્તી વધારા તથા ઉદ્યોગોને કારણે ટ્રાફિક સમસ્યા વધે છે. સગવડમાં વધારો કરવાની સુરત મહાનગરપાલિકાની નૈતિક ફરજ છે. આ દિશામાં સુરત મહાનગરપાલિકાએ સુંદર કામગીરી કરી છે. સરકારશ્રીની વિવિધ યોજનાઓના અમલીકરણથી વિવિધ પ્રકલ્પોનું નિર્માણ થયેલ છે. સરકારની પણ સુરત પ્રત્યે મહત્તમ જવાબદારી છે. પ્રજાને વધુ લાભ મળે તેવા પ્રયત્નો કરવામાં સરકારનો પ્રજા પ્રત્યેનો ઉમળકો જણાય છે.

મા. મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે સુરત શહેરની જનતાએ જે વિશ્વાસ અને પ્રેમ મને આપ્યો છે તેનો હું ઋણી છું. સુરત શહેરમાં આજે વિવિધ પ્રોજેકટોના ઉદઘાટન કરવાની મને તક મળી તેમાં ડો. શ્યામાપ્રસાદ મુખર્જી લેક ગાર્ડનનું લોકાર્પણ એ છેલ્લો કાર્યક્રમ છે. ડો. શ્યામાપ્રસાદ મુખર્જી જનસંઘના સ્થાપક અને દેશના અખંડિતતા જળવાઈ રહે એ માટે શહીદ થનાર ડો. શ્યામાપ્રસાદ મુખર્જીનું નામ આ લેક ગાર્ડન સાથે સાંકળીને મહાનગરપાલિકાના તંત્રવાહકોએ તેમના બલિદાનને ગૌરવ બક્ષ્યુ છે. જેના માટે તેઓ અભિનંદનને પાત્ર છે. મનુષ્યના જીવનમાં ફેફસાનું મહત્વ છે. તેવીજ રીતે નગરને બાગબગીચારુપી ફેફસાની જરુરીયાત છે. આજે ડો. શ્યામાપ્રસાદ મુખર્જી લેક ગાર્ડનના લોકાર્પણથી શહેરી જીવનની પ્રાણશકિત તથા જીવન શકિતમાં વધારો થશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે શહેરમાં નવા સમાવિષ્ટ વિસ્તારોમાં જુના તળાવો હોય તો તેઓને પુનઃનિર્માણ કરી તળાવની સાથે બાગબગીચા બનાવવા જોઈએ. સુરતની પ્રજાના રંગીન મિજાજનું કારણ તાપી નદી છે. પાણીનો પ્રવાહ માનવ જીવનની અંતરંગ તાકાત અને તેની શકિતનો ધોધ બને છે. સુરતમાં વરાછા ફલાય ઓવર બ્રિજ, ઉમરા સફાઈ કામદાર આવાસ યોજના,સીંગણપોર ખાતે સુએઝ ગેસ આધારીત પાવર પ્લાન્ટની યોજના તથા ડો. શ્યામાપ્રસાદ મુખર્જી લેક ગાર્ડન જેવા પ્રોજેકટોની શહેરી જીવન પર લાંબાગાળાની અસર થવાની છે. સુરત ખાતે સીંગણપોરમાં સુએઝ ગેસ આધારિત પાવર પ્લાન્ટ જે હિન્દુસ્તાનમાં સૌથી મોટામાં મોટો બાયોગેસ આધારિત પાવર પ્લાન્ટ છે. હાલમાં કલાઈમેટ ચેઈન્જની માનવ જીવન પર ગંભીર અસરો વિશે વિશ્વભરમાં ચર્ચાઓ ચાલી રહી છે. પરંતુ આપણે પ્રકૃતિનો સ્વીકાર કરી પ્રકૃતિના રક્ષણની જવાબદારી સ્વીકારવી પડશે. બાયોગેસ આધારિત પાવર પ્લાન્ટ એ કલાઈમેટ ચેઈન્જના કારણે માનવજાતને સંકટમાંથી ઉગારવાનો એક નાનકડો પણ સાચી દિશાનો પ્રયાસ છે. ગુજરાત રાજય એક એવું રાજય છે જેને વર્લ્ડ બેંક સાથે કાર્બન ક્રેડિટના કરાર કરેલ છે. જેને કારણે સુરત મહાનગરપાલિકાને અંદાજે રૂા. ૩.૭૦ કરોડની કાર્બન ક્રેડિટ મળશે. ઉમરા ખાતે સફાઈ કામદાર આવાસ યોજનામાં સંવેદનાની અનુભૂતિ અને દીર્ઘદ્રષ્ટિ દરેક બાબતે ફળીભુત થાય છે. સફાઈ કામદારોના કલ્યાણ માટે વિવિધ યોજનાઓથી તેમને ઘર ના ઘરની સવલત પ્રાપ્ત થઈ શકી છે.સુરત શહેરને ટુંક સમયમાં બીઆરટીએસ પ્રોજેકટની વધુ એક નવી સુવિધા મળશે. આ પ્રોજેકટ હેઠળ દર ૩ મિનિટે એક બસ તેમજ એરકંડીશન બસની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. આગામી દિવસોમાં સુરત શહેરના નવા વિસ્તારોમાં પણ સુખ સગવડો મળી શકશે. વ્યવસ્થિત આયોજન ધ્વારા ગુણવત્તાસભર સગવડો સામાન્ય માનવીને ઉપલબ્ધ થશે. આ દરેક કાર્યમાં સુરત શહેરની જનતા–નાગરિકોનો મહત્તમ ફાળો રહેલો છે. સુરત શહેર શહેરી વિકાસનું નવું મોડેલ બને તે દિશામાં પ્રયાસો કરવા જણાવ્યું હતું.

અંતમાં ડે. મેયરશ્રી કૌશિકાબેન પી.દેસાઈએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સભ્યશ્રીઓ, ગુજરાત સરકારના અગ્રણી અધિકારીશ્રીઓ, સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ તેમજ વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.









TOP